ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૪/૨૨-૨૩/ 580 તારીખ : 16 FEB 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૮૪/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી નરેશભાઈ રાજાભાઈ ગોહિલ,**
**કંટાસરના કેડા ઉપર,**
**ધોળીભેખ વિસ્તાર,**
**નાના ખુંટવડા,**
**તા.મહુવા, જી.ભાવનગર.**

**મો.નં- ૮૧૪૧૧ ૬૩૨૫૪**

**વિષય : ખેતીવાડી વિજ કનેકશનના જંપર રીપેર કરી આપવા અંગે.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૬/૧૨/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૯/૧૨/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૪/૨૨-૨૩/૨૮ તા.૦૩/૦૧/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૪/૨૨-૨૩/૧૮૭ તા.૧૨/૦૧/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ <u>તા.૨૪/૦૧/૨૦૨૩</u> નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **બગદાણા.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૮૪/૨૨-૨૩** ☜

વાદી :- **શ્રી નરેશભાઈ રાજાભાઈ ગોહિલ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :- **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ- તા.૨૪/૦૧/૨૦૨૩** ◈

હાજર રહયા :- **શ્રી નરેશભાઈ રાજાભાઈ ગોહિલ (વાદી પોતે)**

પ્રતિવાદી :- **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા**
**શ્રી બી.આર.સેંતા, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, બગદાણા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી નરેશભાઈ રાજાભાઈ ગોહિલ, મું.નાના ખુંટવડા, તા.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડી વિજ કનેકશન ના જંપર રીપેર કરી આપવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૪/૨૨-૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૪/૨૨-૨૩/૨૮ તા.૦૩/૦૧/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૪/૦૧/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી નરેશભાઈ રાજાભાઈ ગોહિલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી બી.આર.સેંતા, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, બગદાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાનું ગામ- નાના ખુંટવડા ગામે ખેતીવાડી વિજ જોડાણ ધરાવે છે. અરજદારની વિજ કચેરી બગદાણા છે.

૧.૨ અરજદાર ને ૧૫ એચ.પી.નું વિજ કનેકશન ચાલે છે. એમની ખેતીવાડી આસપાસ હિતશત્રુ એમના વિજ કનેકશનમાં જંપર કાપી એમનો પાવર બંધ કરી દે છે. મેં અવાર નવાર વિજ કચેરી બગદાણા ફરીયાદ કરેલ છે. અરજદારને ૧૭ મહિનાથી પાવર બંધ છે. અરજદાર સામાન્ય ગરીબ ખેડૂત છું. કોઈની સાથે ઝગડો કરી શકે તેમ નથી માટે અરજદાર દ્વારા કંપની ના નિયમોનુસાર પગલા લઈ વિજ કનેકશન ના જંપર બાંધી વિજ કનેકશન ચાલુ કરાવવા હુકમ કરવા વિનંતી છે. ગામના હેલ્પરને જાણ છે કે, હિતશત્રુ કોણ છે તો નાયબ ઈજનેરને સૂચના આપો કે, કંપની ના નિયમ કંપની ની લાઈન સાથે ચેડા કરે તો કંપની અને ગ્રાહકને નુકશાન થાય છે. તે પ્રમાણે નિયમ મુજબ પગલા લઈ જંપર બાંધી પાવર ચાલુ કરાવી હેલ્પરને બે-ત્રણ દિવસે તપાસ કરવા મોકલવા.પાવર બંધ થાય નહી તે પ્રમાણે હુકમ કરવા વિનંતી છે. ફકત શિયાળામાં કુવા કે બોરમાં પાણી હોય છે. ઉનાળામાં પાણી

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

જતા રહે છે. આ કચેરીમાં કોઈ ફરીયાદ સાંભળતું નથી. તેથી, નાછૂટકે અરજદારને ફોરમને ફરીયાદ કરવાની ફરજ પડેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ ઉપરોકત વિષયના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, અરજદાર શ્રી ગોહિલ નરેશભાઈ રાજાભાઈ ગામ–નાના ખુંટવડા, તા.મહુવા, જી.ભાવનગર કંટાસરના કેડા પર ધોળી ભેખ વિસ્તારે ખેતીવાડી ધરાવે છે. સદર અરજદારની રજૂઆતના અનુસંધાને નીચે મુજબ જણાવવાનું કે,

૨.૨ સદર અરજદારનું વિજ જોડાણ ૧૧ કેવી ખડસલીયા ખેતીવાડી ફીડરમાંથી આવે છે. સદર ફીડરમાં તા.૧૭/૦૫/૨૦૨૧ તથા તા.૧૮/૦૫/૨૦૨૧ ના રોજ આવેલ વિનાશકારી વાવાઝોડામાં મહતમ વિજ લાઈન ક્ષતિગ્રસ્ત થયેલ.

૨.૩ સદર અરજદારને વિજ જોડાણ જે સેકશનમાંથી આવે છે તે સેકશનમાં ૧૪ થી વધુ વિજપોલ ધરાવતી વિજ લાઈન પડી ગયેલ અને તેમાં આશરે ૧૦ વધુ ટ્રાન્સફોર્મર માં વિજ પુરવઠો બંધ હતો.

૨.૪ સદર સેકશનના પડી તેમજ ભાંગી ગયેલ ૧૪ થી વધુ વિજપોલ કેનાલ/નહેર કાંઠે આવેલ હોય અને શરૂઆતમા જયારે કોન્ટ્રાકટરના માણાસો સદર લાઈનમાં વિજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા લાઈન ઉભી કરવા ગયેલ ત્યારે વિજ લાઈન તેના મૂળ રૂટ કે સ્થળ પર વિજ લાઈન ઉભી કરવી શકય ન હતી.

૨.૫ ત્યારબાદ, સદર સેકશનમાં વિજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા હેતુસર સ્થળ સર્વેક્ષણ કરતા જોવા મળેલ કે, સદર રજૂઆતકર્તા શ્રી ગોહિલ નરેશભાઈ રાજાભાઈ ગામ–નાના ખુંટવડા ના વિજજોડાણ માટે ઉભું કરેલ ટ્રાન્સફોર્મર સેન્ટરની સામે તેમના જ પિતાશ્રી ના વિજ જોડાણ માટે ઉભું કરવામાં આવેલ ટ્રાન્સફોર્મર સેન્ટર આવેલ છે અને સદર બંને ટ્રાન્સફોર્મર વચ્ચે ફકત બે જ વિજપોલ ઉભા કરી વિજ લાઈન ઉભી કરવામાં આવે તો સદર આખા સેકશનમાં વિજ પુરવઠો પુનઃસ્થાપિત થઈ શકે તેમ શકયતા જણાય આવેલ. તેમજ સદર લાઈન ઉભી કરવામાં કોઈપણ પ્રકારનું નડતર ચીજ વસ્તુ આવતી ન હતી કે ખેતર વચ્ચે કોઈપણ પ્રકારનો નડતર રૂપ વિજપોલ ઉભો કર્યા વિના વિજ લાઈન ઉભી થઈ શકે તેમ હતી.

૨.૬ સદર બાબતે અરજદારને જણાવતા તેઓ દ્વારા મૌખિક જણાવેલ કે, સદર જગ્યાં પર મારે મકાન બનાવવાના હોઈ તેમજ મારા વિજ જોડાણની હાલ કોઈ જ જરૂરીયાત નથી તેમ કહી વિજ લાઈન ઉભી કરવા દીધેલ નહી અને સદર સેકશનમાં વિજ પુરવઠો પુનઃસ્થાપિત થઈ શકેલ નહી.

૨.૭ થોડા સમય બાદ સદર સેકશનના અન્ય વિજ ગ્રાહકો દ્વારા અન્ય સ્થળેથી વિજ લાઈન ઉભી થઈ શકે તેવી શકયતા જણાવેલ. જેના અનુસંધાને ફરી સદર સેકશનમાં ગયેલ અને જાણવા મળેલ કે, હનુભાઈ નામના વિજ ગ્રાહકના વિજ જોડાણ માટે ઉભું કરવામાં આવેલ ટ્રાન્સફોર્મર સેન્ટર પરથી સાત જેટલા વિજપોલ ઉભા કરી વિજ લાઈન ઉભી કરવામાં આવે તો સદર સેકશનમાં વિજ પુરવઠો પુનઃસ્થાપિત થઈ તમામ વિજ જોડાણ શરૂ થઈ શકે તેમ હોઈ તે મુજબ વિજ પોલ તથા વિજ લાઈન ઉભી કરી સદર સેકશનમાં વિજ પુરવઠો પુનઃસ્થાપિત કરેલ. પરંતુ, સદર રજૂઆતકર્તા શ્રી ગોહિલ નરેશભાઈ રાજાભાઈ, ગામ–નાના ખુંડટવડા દ્વારા તેમને વિજ જોડાણની હાલ કોઈ જ જરૂરીયાત નથી તેમ કહી તેમના વિજ જોડાણના જમ્પર આપવા દીધેલ નહી.

૨.૮ ત્યારબાદ, તા.૧૯/૧૧/૨૦૨૨ ના રોજ અરજદાર દ્વારા વિજજોડાણની જરૂરીયાત ઉભી થતા, અત્રેની બગદાણા પેટા વિભાગીય કચેરીએ જંપર બાંધી વિજ પુરવઠો પુનઃ શરૂ કરવા માટે અરજી આપેલ.જેના અનુસંધાને અત્રેની કચેરી દ્વારા કર્મચારી મોકલી જંપર બાંધી વિજ પુરવઠો શરૂ કરેલ.

૨.૯ ત્યારબાદ, અમુક દિવસો બાદ ફરી ગ્રાહક દ્વારા જણાવેલ કે, તેમના વિજ જોડાણ માટેના જમ્પર કોઈ હિતશત્રુ દ્વારા કાપી નાંખેલ અને તેમનો વિજ પુરવઠો બંધ કરેલ. સદર બાબતે તેમને જણાવેલ કે, જો તેમને ખબર હોય કે કોણે સદર જંપર કાપી નાંખેલ તો જણાવશો. જેથી,અમો સદર વ્યકિત સામે નામજોગ પોલીસમાં ફરીયાદ દાખલ કરી શકીએ અને આપનો વિજ પુરવઠો શરૂ કરી શકીએ. પરંતુ, તેમના દ્વારા મૌખિક જણાવેલ કે,જો તેઓ દ્વારા નામ આપવામાં આવે તો તેમને તેના શેઢા પાડોશી સાથે તકરાર થાય. જેથી,એમના દ્વારા અગાઉ તેમના પિતાશ્રી

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ના વિજ જોડાણ માટે ઉભું કરવામાં આવેલ ટ્રાન્સફોર્મર સેન્ટર પરથી વિજ લાઈન લઈ આપવી અને એ માટે જે કંઈ અંદાજપત્ર આવે તે ભરપાઈ કરવા મૌખિક સહમતી દર્શાવેલ અને તેના અનુસંધાને અત્રેની બગદાણા પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૧૭/૧૨/૨૦૨૨ ના રોજ અંદાજપત્ર કાઢી તેની નકલ સદર રજૂઆતકર્તા શ્રી નરેશ ભાઈ રાજાભાઈ ગોહિલ, ગામ–નાના ખુંટવડા ને આપેલ.

૨.૧૦ અરજદાર દ્વારા આજદિન સુધી સદર અંદાજપત્ર ભરપાઈ કરેલ નથી કે જુના સ્થળ પરથી જ જંપર આપવા માટે અત્રેની બગદાણા પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરેલ નથી અને ફોરમ સમક્ષ રજૂઆત કરેલ.

૨.૧૧ આમ, ઉપરોકત કારણોસર સદર અરજદારના આંતરિક વિવાદ તેમજ વાંધાના કારણે જંપર બંધાયેલ નથી.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીશ્રી નરેશભાઈ રાજાભાઈ ગોહિલ, ગામ–નાના ખુંટવડા દ્વારા તેમનાં ખેતીવાડી વિજ કનેકશનના જંપર કોઈ હિતશત્રુ દ્વારા કાપી નાંખી પાવર વિક્ષેપ ઉભો કરતા હોવા અંગેની ફરીયાદ ફોરમને કરેલ છે.

૩.૨ ઉપરોકત ફરીયાદ ને ધ્યાને લઈ આજરોજ તા.૨૪/૦૧/૨૦૨૩ ના રોજ રૂબરૂ સનાવણી રાખવામાં આવેલ. જેમાં બંને પક્ષકારો એ પોતાનો પક્ષ રજૂ કરેલ છે.

૩.૩ બંને પક્ષોની રજૂઆતો તેમજ ફોરમ સમક્ષ રજૂ થયેલ કેસને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, વાદીના નવા કનેકશનની લાઈન અંગેનું કામ કરતા સમયે વાદીના પિતાશ્રી તેમજ ત્યારબાદ, પાડોશીઓ દ્વારા વાંધો ઉઠાવી કામ થવા દીધેલ નથી. પ્રતિવાદીના પે.વિ.કચેરી દ્વારા જે તે સમયે વાંધો ઉઠાવનારની સામે પોલીસ ફરીયાદ કરવા અંગેની કાર્યવાહી કરેલ નથી, જેને લઈને ઈસ્યુ ઉપસ્થિત થયેલ છે.

૩.૪ આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી પીજીવીસીએલ ના બગદાણા ના નાયબ ઈજનેર એ એક અઠવાડીયા માં જંપર આપવાની કાર્યવાહી પૂર્ણ કરવી અને જો કોઈ વ્યકિત દ્વારા વાંધો ઉઠાવવામાં આવે તો, નિયમોનુસાર પોલીસ ફરીયાદ કરી આગળ ની કાર્યવાહી કરવી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

તારીખ :– ૨૪/૦૧/૨૦૨૩.